પોલીસ કમિશ્નરની કચેરી,
વિશેષ શાખા, પોલીસ ભવન,
જેલ રોડ, વડોદરા શહેર. ૩૯૦૦૦૧
ટેલીફોન નં.૦૨૬૫-૨૪૨૩૯૫૦, કંટ્રોલ રૂમ ફેકસ નં.૦૨૬૫-૨૪૩૨૫૮૨
e-mail ID : cp-spl-vad@gujarat.gov.in

ક્રમાંક :G/CP/વિ.શા./ પરીક્ષા જાહેરનામું/૨૬૩૯ /૨૦૨૫ તા : ૧૪/૦૫/૨૦૨૫

## ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા(BNSS-૨૦૨૩) કલમ-૧૬૩ અન્વયે થયેલ હુકમ

વડોદરા શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં રાષ્ટ્રીય પરીક્ષા એજન્સી (NTA) દ્વારા Common University Entrance Test - CUET(UG) -૨૦૨૫ ની પરીક્ષા તા.૧૩/૦૫/૨૦૨૫ થી તા.૦૩/૦૬/૨૦૨૫ ના રોજ ક.૦૯/૦૦ થી ૧૨/૦૦ તથા ક. ૧૫/૦૦ થી ક.૧૮/૦૦ વાગ્યા દરમ્યાન **કુલ – ૦૧** કેન્દ્ર ઉપર લેવામાં આવનાર છે. જે સ્કુલ/હાઈસ્કુલમાં લેવામાં આવનાર પરીક્ષા કેન્દ્રની યાદી પેટામાં સામેલ છે. આ પરીક્ષા દરમ્યાન કોઈ ગેરરીતિઓ ન થાય, પરીક્ષાર્થીઓ નિર્ભયતાથી પરીક્ષા આપી શકે, તેમજ કાયદો અને વ્યવસ્થાની જાળવણી સુનિશ્રિત કરવા, જાહેર શાંતિ અને સલામતી જળવાય રહે તે માટે તેમજ સરળ પરીક્ષાના સંચાલન માટે કેટલીક પ્રવૃતિઓ ઉપર પ્રતિબંધ ફરમાવવો જરૂરી જણાય છે.

વાસ્તે હું નરસિમ્હા કોમાર, I.P.S., પોલીસ કમિશ્નર, વડોદરા શહેર; કલેકટર અને જીલ્લા મેજીસ્ટ્રેટ ની કચેરી ના પત્ર ક્રમાંક: કભય/ખાત/વશી/૪૦૩/૨૦૨૫ તા.૧૨/૦૫/૨૦૨૫ આધારે તથા ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા.૦૭/૦૧/૧૯૮૯ થી બહાર પાડવામાં આવેલ સંકલીત જાહેરનામાં નંબર : જીજી /૬/ ફક/૧૦૮૮/૬૭૫૦/મ. જેમાં વડોદરા શહેરનાં પોલીસ કમિશ્નરશ્રી, અધિક પોલીસ કમિશ્નર તથા નાયબ પોલીસ કમિશ્નર અને મદદનીશ પોલીસ કમિશ્નર ને એકઝી.મેજી. તરીકે જાહેર કરવામાં આવેલ છે તેમજ તેઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે અધિકારનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલ હોય, તે અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તાર તથા સમય માટે (પરીક્ષાના દિવસો દરમયાન) નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

**-: <u>પ્રતિબંધીત કૃત્યો</u> :-**

(૧) વડોદરા શહેરમાં જે-જે કેન્દ્રો (સ્કુલ / હાઇસ્કુલ) માં પરીક્ષા લેવાનાર છે જે-તે પરીક્ષા કેન્દ્રોની શાળાઓના પરીક્ષા ખંડની અંદર તા.૧૩/૦૫/૨૦૨૫ થી તા. ૦૩/૦૬/૨૦૨૫ સુધી (પરીક્ષાના દિવસો દરમયાન) સવાર ક.૦૭/૦૦ થી ક.૨૦/૦૦ સુધી પરીક્ષા કેન્દ્રની અંદર કોઈ પણ વ્યકિતએ સેલ્યુલર ફોન, હેન્ડસેટ, વોકીટોકી, કોર્ડલેસ ફોન, મોબાઈલ ફોન,વાયરલેસ, સ્માર્ટવોચ,બ્લુટુથ,કેમેરા,લેપટોપ સાહિત્ય વિગેરે લઈ જવા ઉપર, કે ઈલેકટ્રોનીક ઉપકરણો લઈ જવા ઉપર પ્રતિબંધ ફરમાવવામા આવે છે.

(૨) પરીક્ષા કેન્દ્રની બહાર આજુ-બાજુમા ૧૦૦-મીટરના અંતરમા પરીક્ષા દરમ્યાનમા ચાર કે તેથી વધુ વ્યક્તિઓએ ભેગા થવુ નહી,

(૩) પરીક્ષા કેન્દ્રની આસપાસ ૧૦૦ મીટરના અંતરમા ઝેરોક્ષ, ફોટોકોપી, પ્રિંન્ટીંગની દુકાનો ચાલુ રાખી શકાશે નહી.

(૪) પરીક્ષા સ્થળની આજુબાજુ લાઉડ સ્પિકર વગાડી શકાશે નહી.

(૫) પરીક્ષાના દિવસોએ વિજ પુરવઠો ખોરવાઇ નહી તે માટે સવારે ક.૦૭/૦૦ થી ક.૨૦/૦૦ કલાક દરમ્યાન ખોદકામ (Digging) કરવા પર પ્રતિબંધ મુકવામાં આવે છે.

(૬) પરીક્ષા સ્થળો પર પરીક્ષા સમય દરમયાન બીનઅધિકૃત વ્યકતિઓ પ્રવેશ કરી શકશે નહી.



Scanned with OKEN Scanner

**-: <u>પરીક્ષા કેન્દ્ર</u> :-**

વડોદરા શહેર પોલીસ કમિશ્નર હકુમત હેઠળના વિસ્તારમા આવેલ પરીક્ષા કેન્દ્રની શાળા/હાઇસ્કુલની વિગત નીચે મુજબ છે.

| અ.નં. | પરીક્ષા કેન્દ્ર | પો.સ્ટેશન |
|---|---|---|
| ૧ | Binary Bit Technology, અનંતા ટ્રેન્ડઝ, ત્રીજો માળ નારાયણ ગાર્ડન રોડ ગોત્રી વડોદરા | લક્ષ્મીપુરા |

**-: <u>અપવાદ</u> :-**

**<u>આ હુકમમાંથી નીચે જણાવેલ વ્યકિતઓને મુકિત આપવામા આવે છે.</u>**

પરીક્ષા ફરજમા રોકાયેલ વિસ્તારમાં રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા અધિકૃત અધિકારીઓ પોતાની વિધીસરની ફરજો દરમ્યાન ફોનનો ઉપયોગ કરી શકશે.

**-: <u>શિક્ષા</u> :-**

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ સજાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અધિક પોલીસ કમિશ્નર થી અ.હે.કો સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામા આવે છે.

**<u>:-સમયગાળો:-</u>**

આ હુકમ પરીક્ષાના દિવસો દરમયાન તા.૧૩/૦૫/૨૦૨૫ થી તા. ૦૩/૦૬/૨૦૨૫ સુધી (પરીક્ષાના દિવસો દરમયાન) સવાર ક.૦૭/૦૦ થી ક.૨૦/૦૦ સુધી અમલમાં રહેશે.

**<u>:-જાહેર વિજ્ઞાપન:-</u>**

હું આથી આદેશ આપું છું કે,આ હુકમની જાહેરાત ઉપર જણાવેલ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોટાડીને લાઉડસ્પીકર સાથેના વાહન દ્વારા તેમજ સ્થાનિક વર્તમાનપત્રો અને આકાશવાણી અને દૂરદર્શન કેન્દ્ર ઉપરથી કરાવવી.

આજ તારીખ : ૧૪/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

Commissioner of Police Vadodara City, Vadodara

(નરસિમ્હા કોમાર)
પોલીસ કમિશ્નર
વડોદરા શહેર

પ્રતિ,

(૧) વડોદરા શહેર પોલીસના તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રીઓ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ તરફ

(૨) વડોદરા શહેર તમામ પોલીસ સ્ટેશન ઇન્ચાર્જશ્રીઓ (નકલો ચોંટાડી લાઉડસ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂ.)

(૩) વડોદરા શહેર પોલીસના તમામ સ્કવોડ તથા શાખા ઈન્ચાર્જશ્રીઓ

(૪) વડોદરા શહેર કંટ્રોલ રૂમ ઇન્ચાર્જશ્રી પોલીસ જાણ તથા વર્તમાનપત્રો દ્વારા પ્રસિધ્ધી કરાવવા સારૂ

Scanned with OKEN Scanner

**સવિનય નકલ રવાના :-**

(૧) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા., ગાંધીનગર.
(૨) પોલીસ મહાનિરીક્ષકશ્રી, વડોદરા રેન્જ, વડોદરા
(૩) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, વડોદરા
(૪) રજીસ્ટ્રારશ્રી, એડીશનલ સેશન્સ કોર્ટ, વડોદરા.
(૫) રજીસ્ટ્રારશ્રી, ચીફ જયુડીશીયલ મેજી.કોર્ટ, વડોદરા.
(૬) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, વડોદરા શહેર, વડોદરા
(૭) કલેકટર અને જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, વડોદરા.
(૮) પોલીસ અધિક્ષકશ્રી, વડોદરા ગ્રામ્ય, વડોદરા.
(૯) પોલીસ અધિક્ષકશ્રી, રેલ્વે વડોદરા તથા પોલીસ ઇન્સ્પેકટરશ્રી, વડોદરા રેલ્વે પોલીસ સ્ટેશન, વડોદરા.
(૧૦) જીલ્લા સરકારી વકીલશ્રી, સેસન્સ કોર્ટ, વડોદરા.
(૧૧) મેનેજરશ્રી,સરકારી પ્રેસ,વડોદરા (ગેઝેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરી તેની ૨૫ નકલો અત્રે મોકલી આપવા સારૂ)
(૧૨) મામલતદાર અને એકઝીકયુટીવ મેજી.શ્રી, વડોદરા શહેર, વડોદરા.
(૧૩) મામલતદાર અને એકઝીકયુટીવ મેજી.શ્રી, વડોદરા તાલુકા, વડોદરા.
(૧૪) જીલ્લા શિક્ષણ અધિકારીશ્રી, વડોદરા.
(૧૫) સંયુકત માહિતી નિયામકશ્રી, કોઠી કચેરી, વડોદરા.

૨/- સ્થાનિક વર્તમાનપત્રોમાં તથા ચેનલોમાં વિના મુલ્યે બહોળી પ્રસિધ્ધિ કરવા વિનંતી

Scanned with OKEN Scanner